# પ્રેમીએ પ્રેમિકાને ડીસમીસના ૨૫ ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી

## કલોલના સિંદબાદ વિસ્તારમાં ધોળે દહાડે રિક્ષામાં ખુલ્લેઆમ કરેલી હત્યા : ડીસમીસ સાથે નિર્દયી પ્રેમીની ધરપકડ : ચારિત્ર્ય પર શંકાને પગલે ભરેલું પગલું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ખાતે સ્થિત સિંદબાદ વિસ્તારમાં આજે ધોળે દિવસે રિક્ષામાં બેસાડીને પ્રેમીએ તેની પ્રેમિકા પર ડીસમીસના એક પછી એક ૨૫થી વધુ ઘા ઝીંકી દઈ પ્રેમિકાની કરપીણ હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. કલોલ સી.ટી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી મોડી સાંજે હત્યારા પ્રેમીની પણ ધરપકડ કરી




લીધી છે. પ્રેમિકાના ચારિત્ર્ય પર શંકા કરીને પ્રેમીએ મોતનો ખેલ ખેલી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

**સિંદબાદ પાસે થયેલી પ્રેમિકાની હત્યાના સમયે જ કલોલ તાલુકા પોલીસની પેટ્રોલિંગમાં ફરતી પી.સી.આર. વાન ત્યાં પહોંચી ગઈ હતી. પ્રેમી તેની પ્રેમિકા પર ડીસમીસના ઘા ઝીંકી રહ્યો હતો ત્યારે પોલીસ ત્યાં પહોંચી ગઈ અને જમાદારે પ્રેમીને હથિયાર ડીસમીસ સાથે જ પકડી પાડયો હતો. જયારે બીજા જમાદાર ઘાયલ મહિલાને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જો કે ત્યાં સુધીમાં તેણીનું મૃત્યુ થઈ ગયું હતું.**

પ્રાપ્ત થતી માહિતી મુજબ કલોલ ખાતે કોઠી વાળી ચાલીમાં રહેતી મહિલા ધનીબેન પશાભાઈ સોલંકીને કલોલનો જ જેન્તીભાઈ કુશાભાઈ પરમાર પ્રેમ કરતો હતો અને પોતાના ઘરે જ રાખતો હતો. ધનીબેન ને અન્ય કોઈ વ્યકિત સાથે આડા સંબંધ હોવાની શંકા જેન્તીને જતા તેણીને ટોકી હતી. દિવસો જતા શંકા વધુ મજબુત થતા આજે ઉશ્કેરાઈ ગયેલા જેન્તીએ પ્રેમિકા ધનીબેનને રિક્ષામાં બેસાડી કલોલ મહેસાણા હાઈવે પર લઈ ગયો. સિંદબાદ હાઈવે સામે મહેસાણા જતા સર્વિસ રોડ પર રિક્ષા ઉભી કરી દઈને જેન્તીએ પ્રેમિકા ધનીબેન પર બેરહેમીપૂર્વક ડીસમીસના એક પછી એક ૨૫થી પણ વધુ ઘા ભોંકી દીધા હતા. ઘટના સ્થળ પરથી કલોલ તાલુકા પોલીસની પીસીઆર વાન તે જ સમયે નીકળી અને પોલીસે ઘાયલ મહિલાને લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડી પરંતુ ત્યાં સુધીમાં તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પોલીસે ત્યારે પ્રેમીની લોહી ભીના



ડીસમીસ સાથે ધરપકડ કરી લઈ સઘન પુછતાછ શરુ કરી છે.

# સેક્ટર-૨ ઉમાં સોલર લાઈટની બેટરી ચોરવાનો નિષ્ફળ પ્રયાસ

## અગાઉ સોસાયટીના પાર્કિંગમાંથી રીક્ષા અને કારના ટાયરો ચોરાયા છે : મંદિર પાસેની બેટરી પણ ચોરાઈ છે

ગાંધીનગર, તા. ૧૦



ગાંધીનગર શહેરમાં ચોરોને વધુ ફાવટ આવી ગઈ હોય તેમ દિન પ્રતિદિન ચોરીના બનાવો વધી રહ્યા છે. સેક્ટર-૨ ઉની સૌરભ સોસાયટીના નવરાત્રી ચોકમાં લગાવેલ સોલર લાઈટની બેટરી ચોરવાનો નિષ્ફળ પ્રયાસ થતા રહીશોમાં ફફડાટની લાગણી પેદા થઈ છે. અગાઉ પણ આ સોસાયટીના પાર્કિંગમાંથી એક રીક્ષા અને કારના ટાયરો ચોરી જવામાં નિશાચરો સફળ રહ્યા છે. પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી માંગ ઉઠી છે.

મળેલ વિગત મુજબ મહાનગરપાલિકાના કોર્પોરેટર પ્રકાશભાઈ આર. પટેલની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ સોલર લાઈટના ત્રણ થાંભલા સેક્ટર-૨ ઉની સૌરભ સોસાયટીના નવરાત્રી ચોકમાં લગાવાયા છે. જે પૈકી મંગળવાર રાત્રીના કોઈ અજાણ્યા શખ્સોએ એક થાંભલાની બેટરી થાંભલા ઉપર ચડી ઉતારતા હતા. દરમ્યાન સામે રહેતા કિરણભાઈને અવાજ આવતા જાગી ગયા હતા અને આ શખ્સોના હાથમાંથી બેટરી નીચે પછડાઈ ગઈ હતી અને ત્યાંથી ભાગી છુટ્યા હતા.

સોસાયટીમાં ચોરીના પ્રયાસની વાત ફેલાતા લોકોમાં છુપો ભય પેદા થયો હતો. જો કે એ વાત પણ આ



તબક્કે ચર્ચામાં હતી કે પાર્કીંગમાંથી રીક્ષા અને કારના ટાયર કાઢીને ચોર લોકો ચોરી ગયા હતા તે મહાદેવના મંદિર પાસે આવેલ સોલર લાઈટની બેટરી પણ ચોરાઈ ગયેલ છે. આમ ચોરીના થઈ રહેલા બનાવો બાદ રહીશોમાં આ દુષણને કાબુ કરવા વિચારણા કરવાનો સમય આવી ગયો હોવાનું ચર્ચાતુ હતુ.

બેફામ બનેલા નિશાચરો માટે પોલીસે નાઈટ પેટ્રોલીંગ વધારવું જોઈએ તેવી માંગ ઉઠી છે ત્યારે શાંતિ, સલામતી અને સ્વચ્છતાના આંચલ ઓઢેલા ગાંધીનગરમાં પોલીસ સક્રિય બને તે હાલના સંજોગોમાં અનિવાર્ય બન્યું છે.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ તરીકે ડી.એફ. શાહ

ગાંધીનગર, તા. ૧૦



ગાંધીનગર વૈષ્ણવ સમાજની કારોબારી સમિતિની બેઠક ગઈ તા. ૫ એપ્રિલના રોજ સેક્ટર-૨૧ માં આવેલી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે યોજવામાં આવી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૪-૧૬ માટે પ્રમુખ અને માનદ મંત્રીની વરણી કરવામાં આવી હતી. જેમાં ૧૯૮૩ થી અવિરત સેવા આપતા દિનેશ એફ. શાહની પ્રમુખ તરીકે અને ૧૯૮૯ થી સંસ્થામાં જોડાયેલા ચંદ્રકાંત અડાલજાને માનદ મંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.

# જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મનપાના કમિશનરના જનહિત વિરોધી વ્યવહાર અંગે આક્રોશપૂર્ણ પ્રત્યાઘાતો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસીક બેઠકમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોમાં પાટનગરના પ્રબુદ્ધ નાગરિકોને ચૂંટણી જોગ જાહેર અપીલ, મહાનગરપાલિકાના કમીશ્નર દ્વારા જનહિત વિરોધી વ્યવહાર, ભ્રષ્ટાચાના નિયંત્રણ માટે તકેદારી આયોગની ઘોર નિષ્ફળતા ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની સચિવાલય શાખામાં નિંભર વહીવટ જેવા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ જોગ જાગૃત નાગરિક પરિષદ દ્વારા જાહેર અપીલની પત્રિકાઓ છપાવીને વહેંચવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એસબીઆઈ બેન્કની સચિવાલય શાખામાં બિન ગુજરાતી અધિકારીઓના કારણે ગ્રાહકોને હાડમારી ભોગવવી પડી રહી છે. અને આ અધિકારીઓ દ્વારા ગ્રાહકો સાથે તુમાખી ભર્યા અને બેજવાબદાર વ્યવહાર કરાય છે. સેવા સુવિધાના નામે મીંડુ હોવાની રજૂઆત સાથે બેંક સત્તાધીશોને ફરિયાદ કરવાનું આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે.

તકેદારી આયોગની સરકારની કહ્યાગીરી કચેરી હોય તે રીતે ભ્રષ્ટાચારના નિયંત્રણમાં ઘોર નિષ્ફળતાને વરી છે. રાજયમાં ભ્રષ્ટાચારની માત્રામાં થઈ રહેલા બેફામ વધારાને ધ્યાનમાં લઈને તકેદારી આયોગની નિષ્ફળતા બાબતે રાજયપાલ સમક્ષ રજૂઆત કરકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પાટનગરની પ્રજાના સ્ફોટક પ્રશ્નોને વાચા આપવા સહકારથી પ્રશ્નો ઉકેલવા મહાનગર પાલિકાના કમીશનર સમક્ષ એકથી વધુ વખત રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ તેમણે લેખીત માંગણીઓની જાણ કરવાની કોઈ ફરજ બજાવી નથી. કમીશનરના જનહિત વિરોધી અભિગમ અને બેજવાબદાર વ્યવહાર અંગે બેઠકમાં આક્રોશપૂર્ણ પ્રત્યાઘાતો રજૂ કરાયા હતા. આ બાબત અંગે વિકાસ કમીશનરને ફરિયાદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જાગૃત નાગરિક પરિષદના વિવિધ કાર્યોની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

# સતત ચોથા વર્ષે પક્ષી બચાવવા માટે હ્યુમન ફાઉન્ડેશને અભિયાન હાથ ધર્યુ

## પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૦

ઉનાળો પોતાના અસ્સલ મિજાજમાં આવી ગયો છે. દિવસ દરમિયાન તાપમાન ૪૦ ડિ.ગ્રી. સુધી પહોંચી ગયું છે. ઉનાળાની આગ ઝરતી ગરમીમાં અબોલ પક્ષીઓ માટે હ્યુમન ફાઉન્ડેશન દ્વારા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે.

ઉનાળાની આગ ઓકતી ગરમીમાં મનુષ્ય પાણી વિના રહી શકતો નથી તો અબોલા પક્ષીઓ પાણી વિના કેવી રીતે રહી શકે છે. અબોલા પક્ષીઓ માટે સતત ચોથા વર્ષે હ્યુમન ફાઉન્ડેશ વ્હારે આવી છે. સંસ્થા વિનામૂલ્યે પાણી માટેના કુંડાનું વિતરણ કરશે.

તા. ૧૨ એપ્રિલ શનિવાર અને તા. ૧૩ એપ્રિલ રવિવારના રોજ સંસ્થા દ્વારા સેક્ટર-૨૨માં આવેલી નંદનવન સોસાયટીના પ્લોટ નં. ૫૨૫/૨, ઘ-૬ કોર્નર ખાતેથી પાણીના કુંડાનું વિતરણ થશે. પક્ષી પ્રેમીઓએ વહેલા તે પહેલાના ધોરણે ઉપરોક્ત સ્થળેથી કુંડા મેળવી લેવાના રહેશે.

હ્યુમન ફાઉન્ડેશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે દર વર્ષે ઉનાળાની ગરમીમાં હજારો પક્ષીઓ પાણી વગર તરફડીને મરી જાય છે. જો માણસને આવી આકરી ગરમીમાં એક દિવસ પાણી ન મળે તો શું થાય ? ત્યારે લુપ્ત થતી પક્ષીઓની જાતને બચાવવા માટે સેવાના આ ભગીરથ કાર્યમાં શહેરીજનોને જોડાવા અપીલ કરવામાં આવી છે.



ઉનાળો આવતા જ એક તરફ આકરો તાપ અકળાવે છે તો બીજી તરફ ફળોનો રાજા કેરી ભલભલાના મોઢામાં પાણી લાવી દે છે. સીઝનની શરૂઆતમાં આંબાની ડાળે ઝુલતી કાચી કેરી જોઈને બાળપણના દિવસો યાદ આવ્યા વિના રહે નહિ. જો આસપાસ કોઈ ના દેખાય તો પેલી ટીવી પર આવતી જાહેરાતમાં અમિતાભ બચ્ચન જેવો સુપરસ્ટાર પણ કાચી કેરી પાડવા પથ્થર મારવા લલચાઈ જાય છે તેવું દેખાડાય તે જ રીતે દરેક વ્યક્તિનો હાથ પથ્થર ઉઠાવતા મજબુર બની જાય છે. ચિલોડાના એક બાગમાં ઝુલતી આ કાચી કેસર કેરીઓ મનમોહક ભાસી રહી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## કોલવડામાં પંખીઓના ચણ માટે હનુમાન જયંતિને દિવસે સંતવાણી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

શહેર પાસેના કોલવડા ગામમાં હનુમાન જયંતિ નિમિત્તે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૫ એપ્રિલ મંગળવારના રોજ ગોરા હનુમાન મંદિર ખાતે ભજન કિર્તન યોજવામાં આવશે.

પાટનગરની પડખેના કોલવડા ગામમાં આવેલા ગોરા હનુમાન મંદિરે હનુમાન જયંતિ ઉજવાશે. તા. ૧૫ એપ્રિલ મંગળવારે રાત્રે ૯-૦૦ વાગે સંતવાણી કાર્યક્રમ શરુ થશે. કાર્યક્રમમાં આવનાર ભકતજનોને પ્રસાદી આપવામાં આવશે.

શહેરમાં મુકત મને અને ખુલ્લા આકાશમાં વિહરતાં પંખીઓના ચણ માટે સંતવાણી કાર્યક્રમ યોજવામાં આવશે જેમાં કોઈ પણ દાતા યથાશકિત દાન આપી શકે છે. સંતવાણી કાર્યક્રમમાં ધર્મેન્દ્ર નાયક અને સાથી કલાકારો રંગ જમાવશે.

# દેશી બંદુક સાથે એસ.ઓ.જી.ની ટીમે એક ડફેરને ઝડપી પાડયો

## બાતમીને આધારે દહેગામ નજીકના સાણોંદા પાસેથી ડફેર પકડાયો : દેશી મજરલોડ બંદુક જપ્ત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એસ.ઓ.જી.ની



ટીમે બાતમીને આધારે જિલ્લાના દહેગામ તાલુકા વિસ્તારમાં આવેલા સાણોંદા ગામની સીમમાંથી પરવાના વગર દેશી બનાવટની મજરલોડ બંદુક લઈને ફરતા એક શખ્સને ગઈ સાંજે બંદુક સાથે ઝડપી પાડયો હતો. એસ.ઓ.જી.એ ગેરકાયદેસર હથિયાર સાથે ડફેર શખ્સની ધરપકડ કરી લઈ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ચુંટણીને પગલે ગાંધીનગર રેન્જ ડીઆઈજી પી. રાજીવ રંજન ભગત તથા જિલ્લા પોલિસ અધિક્ષક શરદ સિંઘલ દ્વારા ગેરકાયદેસર હથિયાર ધારકો તથા લાયસન્સ ધરાવતા હોય પરંતુ હથિયાર રીટેઈન કરાવ્યા ન હોય તેવા વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને સુચના આપવામાં આવતા તેમને બાતમીદારો પાસેથી વિગતો મેળવી એક શખ્સને દેશી બંદુક સાથે પકડી પાડયો છે. ગઈ કાલે માહિતીને આધારે એસઓજી પી.એસ.આઈ. ડી.બી. વાળા, આઈ.એચ. ચાવડા તથા એ.એસ.આઈ. હિંમતસિંહ હે.કો. દિલીપસિંહ સહીતની ટીમે દહેગામ નજીકના સાણોંદા ગામની સીમમાં આડાવાંધા તરીકે ઓળખાતા ગૌચર વિસ્તારમાંથી ડફેરને પકડી પાડયો હતો. મૂળ ધોળકાના આ શખ્સ હાસમ મહમદ સિન્ધી (ડફેર)ની એસ.ઓ.જી.ની ટીમે દેશી બનાવટની મજરલોડ ચાલુ હાલતની બંદુક સાથે ધરપકડ કરી લઈ હથિયાર કબજે કરીને તેમની સામે આર્મ્સ એકટની કલમ ૨૫ (૧) મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫
: સ્કીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦
: સ્કીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦
: સ્કીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્કીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનુંથશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

## ચિરવિદાય

- સ્વ. મંગુબેન સોનાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો ધોળાકુવા તા. માણસા, જિ. ગાંધીનગર